TORONTO Public Health COVID-19 GUIDANCE

છેલ્લે અપડેટ કર્યું: એપ્રિલ 26, 2021

કોવિડ-19: ટોરોન્ટો નિવાસીઓ માટે માર્ગદર્શન

આ માર્ગદર્શન ટોરોન્ટો નિવાસીઓને ગુરુવાર, એપ્રિલ 8 મુજબ ટોરોન્ટોમાં અસરમાં રહેલા ઓન્ટારિયો કોવિડ-19 શટડાઉન માપનો અને પ્રાંતિય ઘર-પર-રહેવાનો હુકમ અંતર્ગત શું આવશ્યક છે તેનાં પર કેટલીક માહિતી પ્રદાન કરે છે.

આ માર્ગદર્શન કાનૂની સલાહ નથી પરંતુ આ નિર્દેશનોમાંથી કેટલાકનાં ઉલંઘનો પ્રાંતિય નિયમનો અંતર્ગત ગુનાઓનો સમાવેશ કરે છે. તમામ પ્રાંતિય નિયમનો સાથે કાનૂની અનુપાલન સુનિશ્ચિત કરવા માટે, વ્યક્તિઓ અને વ્યાપારોએ શટડાઉન ઝોન જોગવાઈઓ, ઘર-પર-રહેવાનો હુકમ સહિત સંબંધિત કાયદાઓ પરામર્શ કરવો અને/અથવા કાનૂની સલાહ લેવી. પ્રાંતિય કોવિડ-19 શટડાઉન: સુધારેલા જાહેર આરોગ્ય અને કાર્યસ્થળની સુરક્ષાનાં માપનો પ્રાંતની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

શહેરનો પાર્ક અને જાહેર સ્કવેર માટેનો માસ્કનો પેટા-કાયદો, અને શારીરિક અંતર જાળવવાનો પેટા-કાયદો પણ અમલમાં છે અને તેઓનું પાલન કરવું અનિવાર્ય છે. વાયરસનો ફેલાવો ઓછો કરવા માટે જાહેર આરોગ્યનાં માપનોનું પાલન કરવું મહત્વપૂર્ણ છે. જો તમને કોવિડ-19 વિશે પ્રશ્નો હોય તો પબ્લિક હેલ્થ હોટલાઈનને 416-338-7600 પર કૉલ કરો.

ટોરોન્ટોમાં કોવિડ-19 નો ફેલાવો અટકાવવા માટે તમારા ભાગની ભૂમિકા ભજવવા બદલ તમારો આભાર.

	શટડાઉન ઝોન અને ઘર-પર-રહેવાનો હુકમ
ઈનડોર મેળાવડાઓ	ઘર-પર રહેવાનાં હુકમમાં પરવાનગી આપવામાં આવેલા કારણો પૈકી કોઈ એક કારણ માટે બહાર નિકળવું જરૂરી હોય તે સિવાય તમે હાલમાં જ્યાં રહેતા હોવ તેવા નિવાસ સ્થાને તમારે બધો વખત રહેવું જોઈએ. પરસાળ સહિત ખુલ્લા હોય તેવા તમારા વરંડા અથવા ઈનડોર કોમન જગ્યાઓ જેવા તમારા નિવાસનાં આઉટડોરનો તમે ઉપયોગ કરી શકો છો જો તમે ત્યાં શારીરિક અંતર જાળવી શકો અને માસ્ક પહેરો. ઈનડોર આયોજીત જાહેર ઈવેન્ટ્સ અને શારીરિક મેળાવડાઓની પરવાનગી નથી, અપવાદ છે કે એક જ ઘરનાં સભ્યો અને એકલી રહેતી વ્યક્તિ સાથે કરી શકાય છે. જો તમે એકલા રહેતા હોવ, તો તમારે માત્ર એક જ અન્ય ઘરનાં લોકો સાથે નિકટનો સંપર્ક રાખવો જોઈએ.
આઉટડોર મેળાવડાઓ	આઉટડોર આયોજીત જાહેર ઈવેન્ટ્સ અને સામાજીક મેળાવડાઓની અનુમતિ નથી, સિવાય કે એક જ ઘરનાં સભ્યો હોય અને એક વ્યક્તિ જે એકલી રહેતી હોય.
શાળાઓ	ખુબ જ મર્યાદિત અપવાદોને આધિન, *શિક્ષણનાં અધિનિયમનાં* અર્થની અંદર આવતી શાળાઓ બંધ રહે છે.
અન્ય પ્રાંતોમાં યાત્રા કરવી	એકદમ જરૂરી હોય તે સિવાય તમારે તમારા પ્રાંત કે પરગણા બહાર યાત્રા ન કરવી જોઈએ.
ધાર્મિક સેવાઓ	લગ્ન, અંતિમ સંસ્કાર અથવા ધાર્મિક સેવા, વિધિ અથવા ઉજવણીનાં હેતુઓ માટેનાં ઈનડોર અને આઉટડોર મેળાવડાઓ 10 અથવા ઓછા લોકો પૂરતા મર્યાદિત છે. કોઈપણ લગ્ન, અંતિમ સંસ્કાર અથવા ધાર્મિક સેવા, વિધી અથવા ઉજવણી સાથે સંકળાયેલ અથવા અનુસરતા ઈનડોર અને આઉટડોર સામાજીક મેળાવડાઓની પરવાનગી નથી.

છેલ્લે અપડેટ કર્યું: એપ્રિલ 26, 2021

	શટડાઉન ઝોન અને ઘર-પર-રહેવાનો હુકમ
રીટેઈલ	દુકાનની અંતરની ખરીદી માટે મોટાભાગનાં રીટેઈલ સ્ટોર્સ બંધ છે. અગાઉ ઑર્ડર કરેલા માલસામાનનું પિકઅપ અને ડીલિવરીની સવારે 7 વાગ્યા અને રાત્રીનાં 8 વાગ્યાની વચ્ચે માત્ર અગાઉની એપોઇન્ટમેન્ટ્સથી પરવાનગી છે. તમામ વેચાણો એવી રીતે કરવા અનિવાર્ય છે જેમાં ગ્રાહકને દુકાનમાં પ્રવેશવાની આવશ્યકતા ન પડતી હોય. ડીલિવરીની સવારનાં 6 વાગ્યા અને રાત્રીનાં 9 વાગ્યા વચ્ચે પરવાનગી છે. નીચેનામાં 50% ક્ષમતાની મર્યાદાને આધિન દુકાનમાં ખરીદી કરવાની પરવાનગી છે: • ફાર્મસીઓ • પ્રાથમિક રીતે કરીયાણુ વેચતી દુકાનો (સુપરમાર્કેટ્સ, સુવિધા સ્ટોર્સ, ઈનડોર ખેડૂતોનાં માર્કેટ્સ). • ડિસ્કાઉન્ટ અને બિગ બોક્સ સ્ટોર્સ જેઓને કરીયાણુ, પાલતુ પ્રાણીની સંભાળનાં પૂરવઠાઓ, ઘરની સફાઇ, આરોગ્ય સંભાળનાં પૂરવઠાઓ, શાળાનાં પૂરવઠાઓ અને ઘરની સુરક્ષાનાં પૂરવઠાઓ સહિતની માત્ર મર્યાદિત વસ્તુઓ વેચવાની પરવાનગી છે. • લિકર (બીયર, વાઇન અને સ્પિરિટ્સ) વેચતી દુકાનો. • આઉટડોર ગાર્ડન કેન્દ્રો અને છોડની નર્સરીઓ • ઈનડોર ગ્રીનહાઉસ. આઉટડોર માર્કેટ્સની પરવાનગી છે જો: • તેઓ પ્રાથમિક રીતે ખોરાક વેચતા હોય, • આગંતુકોને એવી રીતે પ્રોડક્ટ્સ પ્રદાન કરવી જેનાંથી તમામ વખતે આગંતુક બહારનાં ક્ષેત્રમાં રહી શકે અથવા કર્બસાઇડ પિક-અપ અને ડીલિવરીથી કરવામાં આવે, અને 25% કરતા વધારે ક્ષમતા ન થાયમાત્ર એપોઇન્ટમેન્ટ દ્વારા, 25% ક્ષમતાની મર્યાદાને આધિન આમાં દુકાનની અંદરની ખરીદીની પરવાનગી છે: • સુરક્ષા પૂરવઠાની દુકાનો • એવા વ્યાપારો જે પ્રાથમિક રીતે સહાયક, મોબિલિટી અથવા તબીબી ઉપકરણો, સહાયતાઓ અથવા પૂરવઠાઓ વેચતા, ભાડે આપતા અથવા સમારકામ કરતા હોય • પ્રીસ્ક્રિપ્શન ચશ્મા વેચતી ઓપ્ટિકલ દુકાનો • ટેલીકોમ્યુનિકેશન્સ પ્રદાતા રીટેઈલ સ્ટોર્સ ફાર્મસીઓ અને પ્રાથમિક રીતે ખોરાક વેચતી દુકાનો સહિત પ્રાંતિય નિયમનો અંતર્ગત ખુલ્લા રાખવાની પરવાનગી હોય તેવા શોપિંગ મોલમાં વ્યક્તિઓ માત્ર ક્ષમતાની મર્યાદાઓને આધિન રહીને, અથવા એકલ નિર્ધારિત પિકઅપ ક્ષેત્રમાં નિર્ધારિત પિકઅપ એપોઇન્ટમેન્ટ માટે વ્યાપાર ઍક્સેસ કરી શકે છે.

છેલ્લે અપડેટ કર્યું: એપ્રિલ 26, 2021

	શટડાઉન ઝોન અને ઘર-પર-રહેવાનો હુકમ
	ખુલ્લા રાખવાની પરવાનગી હોય તેવા સ્ટોર્સ માટે આગંતુકો જાતે સ્ક્રીન કરે તેવી આવશ્યકતાનાં ચિહ્નો પોસ્ટ કરેલા હોય તે અનિવાર્ય છે. જો તમે જાતનું સ્ક્રીન પાસ ન કરો, તો તમારે પ્રવેશ ન કરવો જોઇએ. તબીબી સ્થિતિઓ ધરાવતા લોકો અથવા ખુબ જ નાના બાળકો માટેનાં ખુબ જ મર્યાદિત અપવાદો સિવાય, દુકાનોમાં તમામ લોકોએ માસ્ક અથવા ચહેરાનું આવરણ પહેરવું અનિવાર્ય છે.
રેસ્ટોરન્ટ્સ	આલ્કોહોલ સહિત ટેક આઉટ, ડ્રાઇન થ્રુ અને ડીલિવરીની પરવાનગી છે. ઇનડોર અને આઉટડોર ડાઇનિંગની પરવાનગી નથી.
વ્યક્તિગત સંભાળ સેવાઓ	હેર સલુન, વાળંદની દુકાનો, નેઇલ સલુન, ટાનિંગ સ્ટુડિયો, ટાટુ પાર્લર જેવી વ્યક્તિગત સંભાળ સેવાઓ અને અન્ય કોસ્મેટિક સેવાઓને કાર્યરત રાખવાની પરવાનગી નથી. Hફીઝિયોથેરાપી અને મસાજ થેરાપી જેવી સેવાઓ માટે નિયમન હેઠળ રહેલા આરોગ્ય વ્યાવસાયિકો સાથેની આરોગ્ય સંભાળ એપોઇન્ટમેન્ટ્સની પરવાનગી છે.
આનંદપ્રમોદ	કેટલીક આઉટડોર આનંદપ્રમોદની સુવિધાઓ ખુલ્લી છે, જેઓ શરતોને આધિન છે. જે સુવિધાઓ ખુલ્લી રહેતી હોય તેનો ઉપયોગ કરતી વખતે અથવા જ્યાં શારીરિક અંતર જાળવવાનું મુશ્કેલ હોય તેવી પરિસ્થિતિમાં આઉટડોરમાં માસ્ક અથવા ચહેરાનાં આવરણનાં ઉપયોગ કરવાની પ્રબળ ભલામણ કરવામાં આવે છે. વૉશરૂમ સુવિધાઓનો ઉપયોગ કરતી વખતે અને લાઇનોમાં રાહ જોતી વખતે માસ્ક પહેરવું અનિવાર્ય છે. ખુલ્લી સુવિધાઓ: • બગીચાઓ અને સમુદ્રકિનારાઓ • રમતનાં મેદાનો • વૉશરૂમ • કૂતરાઓને બહાર લઇ જવાનાં ક્ષેત્રો • બગીટાઓ અને આનંદપ્રમેદનાં સ્થળોમાં રહેલી બેન્ચો • સામુદાયિક અને ફાળવણી બગીચાઓ ઉપર યાદીગત નહીં કરેલી તમામ અન્ય આઉટડોર આનંદપ્રમોદની સુવિધાઓ, નીચેનાં સહિત પ્રાંતિય નિયમનો અંતર્ગત બંધ રાખેલી છે: • પિકનિક ટેબલો અને શેલ્ટરો • ગોલ્ફ કોર્સ • ડિસ્ક ગોલ્ફ કોર્સ • સ્પોર્ટ્સ કોર્ટ્સ અને મેદાનો (દા.ત. બાસ્કેટબોલ અને ટેનિસ કોર્ટ, સોકરનાં મેદાનો, બેઝબોલ ડાયમન્ડ્સ, લોન બોલિંગ ગ્રીન્સ) • BMX અને સ્કેટ પાર્ક્સ

છેલ્લે અપડેટ કર્યું: એપ્રિલ 26, 2021

	શટડાઉન ઝોન અને ઘર-પર-રહેવાનો હુકમ
	• આઉટડોર ફિટનેસનાં સાધનો • ડ્રાય પેડ્સ (એટલે કે, બહુ-ઉપયોગી રમતગમત ક્ષેત્રો) આઉટડોર ફિટનેસ વર્ગો અને તાલીમની પરવાનગી નથી. ઈનડોર સ્પોર્ટ્સ અને આનંદપ્રમોદની ફિટનેસ સુવિધઝાઓ બંધ છે, જેમાં મર્યાદિત અપવાદો છે (દા.ત. પ્રોફેશનલ અને હાઈ-પરફોર્મિંગ એથલેટ્સ દ્વારા ઉપયોગ, *અપંગતા ધરાવતા ઓન્ટેરિયોવાસીઓ માટે સુલભતા માટેનાં અધિનિયમ* દ્વારા વ્યાખ્યાયિત કર્યા મુજબ અપંગતા ધરાવતા વ્યક્તિઓ માટે શારીરિક થેરાપીની સુલભતા).
પુસ્તકાલયો	પુસ્તકાલયો ખુલ્લા છે પરંતુ ઉપયોગ સંપર્ક વગરનાં પિક-અપ પૂરતો મર્યાદિત છે. પુસ્તકો અને અન્ય ફરતી સામગ્રીઓ પિક-અપ માટે ફોન અથવા ઓનલાઈન પર આરક્ષિત હોવી અનિવાર્ય છે.
પાલતુ પ્રાણીની સંભાળ	પાલતુ પ્રાણીઓની સેવાઓની પરવાનગી છે. પેટ સિટિંગ સેવાઓ, પેટ ગ્રૂમિંગ અને પેટ તાલીમ સેવાઓ જેવી પાલતુ પ્રાણીઓની સેવાઓની પરવાનગી છે.
ઘરેલુ સેવાઓ	બાળકો, વરિષ્ઠો અથવા સંવેદનશીલ વ્યક્તિઓને સહયોગ આપતી ઘરેલુ અને સફાઈ અને જાળવણી સેવાઓની પરવાનગી આપવામાં આવે છે.